# 26

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

* 15/4/1707 **ડૉ. દર્શીતા શાહ** (રાજકોટ પશ્ચિમ) **: માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪ માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યના ટેકનિકલ શિક્ષણના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૨૩-૨૪ માં ૯,૬૬૯ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૭.૭૭ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવે છે ? | (૨) **સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ** જેવા કે ઈજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કીટેક્ચર જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય તેમજ તેઓના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહીને રહેવા-જમવાની સહાય પેટે રૂ.૧,૨૦૦ અને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે એક વખત રૂ.૫,૦૦૦ સહાય ચુકવવામાં આવે છે.<br>**ડીપ્લોમાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો** માટે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય તેમજ તેઓના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહીને રહેવા-જમવાની સહાય પેટે રૂ.૧,૨૦૦ અને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે એક વખત રૂ.૩,૦૦૦ સહાય ચુકવવામાં આવે છે |

..........................................